# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ વી. ઓ. ચિદમ્બરનાર પોર્ટ પર 'ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી ફેસિલિટી'નું ઉદઘાટન કર્યું




ગાંધીનગર,તા.૨૭

મનસુખ માંડવિયાએ વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉદઘાટન સમારંભને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, આ લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરવા અને કાર્ગોની ગતિ વધારવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. ડીપીઇ નિકાસકારો માટે વેપારવાણિજ્યની સરળતામાં વધારો કરશે, તેમજ આ સુવિધા આંતરરાષ્ટ્રીય વેપારમાં કાર્યદક્ષતા લાવશે અને પ્રવાસ સમયમાં ઘટાડો કરશે, ટેરિફ ખર્ચમાં ઘટાડો કરશે અને શિપરની સ્પર્ધાત્મકતા વધારશે.

અત્યાધુનિક ડાયરેક્ટ પોર્ટ એન્ટ્રી (ડીપીઇ) સુવિધા કોઈ પણ સીએફએસ પર મધ્યસ્થીના હસ્તક્ષેપ વિના કારખાનાઓમાંથી કન્ટેઇનરની સીધી અવજવરની સુવિધા આપશે, જેના પરિણામે શિપર્સને તેમના કારખાનામાંથી નિકાસ માટેની ચીજવસ્તુઓને સીધી કન્ટેઇનર ટર્મિનલ સુધી ૨૪x૭ પહોંચાડવાની સુવિધા મળશે. આ સુવિધા ટ્રક પાર્કિંગ ટર્મિનલની અંદર ૧૮,૩૫૭ ચોરસ મીટરના વિસ્તારમાં ઊભી કરવામાં આવી છે, જેને નિકાસ કાર્ગો એટલે કે કારખાનાની ચીજવસ્તુઓ/ઇ-સીલ કન્ટેઇનર્સના નિકાસને કસ્ટમ્સ ક્લીઅરન્સ ઇશ્યૂ કરવા માટે 'સાગરમાલા' અંતર્ગત વિકસાવવામાં આવી હતી. આ દર મહિને ૧૮૦૦૦ TEUsનું સંચાલન કરી શકે છે. સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન દ્વારા ભારતીય કસ્ટમ્સ, ડીપીઇ સુવિધા કોઈ પણ પ્રકારના અવરોધ વિના એકછત હેઠળ લેટ એક્ષ્પોર્ટ ઓર્ડર (એલઇઓ) જનરેટ કરશે. સીડબલ્યુસી અને કસ્ટમ્સ અધિકારીઓની પ્રતિબદ્ધ ટીમ વીઓસી પોર્ટ સાથે જોડાણમાં ટિઅર-II, ટિઅર-III (એઇઓ) સર્ટિફાઇડ એક્ઝિમ ક્લાયન્ટને સેવા આપશે.

૨૪અગાઉ કારખાનાની ચીજવસ્તુઓ (સેલ્ફ-સીલ થયેલી)ના કન્ટેઇનર્સને તુતિકોરિનમાં કાર્યરત કન્ટેઇનર ફ્રેઇટ સ્ટેશન્સ (સીએફએસ)/ઇનલેન્ડ કન્ટેઇનર ડેપો (આઇસીડી) પૈકીના એક સ્ટેશનમાં લઈ જવાતા હતા. સીએફએસ કામકાજના દિવસોમાં સવારે ૧૦ વાગ્યાથી રાતના ૮ વાગ્યા સુધી કાર્યરત હોય છે જેથી કન્ટેઇનર ટર્મિનલમાં સેલ્ફ-સીલ થયેલા કન્ટેઇનર્સને પ્રવેશ આપવામાં નોંધપાત્ર વિલંબ થતો હતો. પરિણામ સ્વરૂપ પોર્ટે ડીપીઈ સુવિધા વિકસાવવામાં આવી છે જેના કારણે કારખાનાની ચીજવસ્તુઓ અને ઇ-સીલ થયેલા કન્ટેઇનર્સને નિકાસની મંજૂરી ૨૪x૭ ધોરણે મળી શકશે, જેના પરિણામે ઝડપી અને વાજબી ખર્ચે નિકાસ થઈ શકશે. પોર્ટે ૩૦ વર્ષ માટે આ સુવિધા કાર્યરત કરવા મેસર્સ સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (સીડબલ્યુસી) સાથે એમઓયુ (સમજૂતીકરાર) કર્યા છે અને કસ્ટમ્સ વિભાગે પોર્ટ પર ડીપીઇ સુવિધા કાર્યરત કરવાની મંજૂરી પણ આપી છે. આ પ્રસંગે જહાજ મંત્રાલયના સચિવ ડો. સંજીવ રંજને એમના સંબોધનમાં જણાવ્યું હતું કે, પોર્ટ પર આઇટી સક્ષમ માળખાગત સુવિધા આપણા પોર્ટને ખરાં અર્થમાં આંતરરાષ્ટ્રીય સ્તરના પોર્ટ બનાવશે, જે જહાજ મંત્રાલયના 'મેરિટાઇમ વિઝન ૨૦૩૦'ને સુસંગત છે. આ વર્ચ્યુઅલ ઉદઘાટન પ્રસંગે જહાજ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, વી. ઓ. ચિદમ્બરનાર પોર્ટ ટ્રસ્ટના ચેરમેન ટી કે રામચંદ્રન, સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશનના મેનેજિંગ ડાયરેક્ટર અરૂણ કુમાર શ્રીવાસ્તવ અને પોર્ટના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ટીમલીઝ સ્કિલ્સ યુનિવર્સિટી વડોદરા દ્વારા ત્રીજા દિક્ષાંત સમારોહનું વર્ચ્યુલ આયોજન કરાયું




ટીમલીઝ સ્કિલ્સ યુનિવર્સિટી વડોદરા દ્વારા ત્રીજા દિક્ષાંત સમારોહનું કેમ્પસમાં ગૂગલ મીટ પ્લેટફોર્મ પર વર્ચ્યુઅલ આયોજન કરાયું હતુ. સાથે દિક્ષાંત સમારોહનું ફેસબુક પર જીવંત પ્રસારણ પણ કરાયું હતું. સમારોહમાં યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ બી.એસ.મહેતા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ટીમલીઝ સ્કિલ્સ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો.અવની ઉમટ અને યુનિવર્સિટીના ટીમલીઝ સર્વિસીસ લિમિટેડના અધ્યક્ષ મનીષ સબ્રવાલે તેમનું સન્માન અને ઉદબોધન કર્યું હતું. કુલ ૮૫ વિદ્યાર્થીઓ અને એક એસોસિયેટ ડિગ્રી તથા આઇટી-ઇન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ સર્વિસીસમાં ૪૦ ડિપ્લોમા એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે તેર વિદ્યાર્થીઓ મોદી સલોની પ્રદીપકુમાર, સોની યોગીતાકુમારી નરેન્દ્રકુમાર, કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના રિયા ચતુર્વેદી તથા મેઘરા હરજ્યોત કૌર પ્રતાપસિંહ, આતિથ્ય અને પર્યટન વિભાગના ઠક્કર રૂત્વિકકુમાર મુકેશભાઇ અને કાંગકોમ પંકમ, ઠાકર રાહુલરાય રુક્નાથ્રે, જાટવ ભાગ્યશ્રી ઓમપ્રકાશ અને અહમિલ રાહુલ બાબુભાઇ મેકાટોટ્રોનિક્સ વિભાગના ધર્મેન્દ્રભાઇ અને ગોસાઇ ઓમદેવપુરી મહેન્દ્રપુરી, આરોગ્ય, જીવન અને એપ્લાઇડ સાયન્સ વિભાગના પટેલ દેવાંગીનીબેન ગિરીશભાઇ અને ભૂમિ પરમારને સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક સાથે પ્રથમ પ્રયત્નમાં તમામ સેમેસ્ટર પાસ કરવા બદલ, વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ માટે TLSU ગોલ્ડ મેડલ એનાયત કરાયો હતો. મુખ્ય ભાષણમાં પ્રોવોસ્ટ પ્રોફેસર અવની ઉમટે સ્નાતક વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે ડિગ્રીના એવોર્ડ સાથે ભણવાનું બંધ થતું નથી. જીવનમાં સફળતા હાંસલ કરવા માટે સ્વપન અને ઇચ્છા કરવી મહત્વપૂર્ણ છે. જે ફક્ત જિજ્ઞાસા અને પ્રેરણાથી પરિપૂર્ણ થઈ શકે છે. દિક્ષાંત સંબોધનમાં બ્રિગેડિયર બી.એસ.મહેતાએ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતાના સ્તરે વિકાસ કરવા અને જીવનના મુશ્કેલ સમયમાં વિકસિત તરીકે બહાર આવવા જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કર્યું કે મુશ્કેલ પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવા અને તેને દૂર કરવા માટે પૂરતા મજબૂત હોવાના માર્ગદર્શક સિદ્ધાંતો હોવા જોઈએ.

આ વિશ્વ એક સારી જગ્યા છે, દરેક ઉદાર બનશે, તો પ્રકૃતિ તમને મદદ કરશે. ફક્ત આગળ વધો. સભારવાલે તેમના સંબોધનમાં કહ્યું કે શીખવાનું અહીં અટકતું નથી, તમારા ભવિષ્ય વિશેની તમારી યોજના વિશે વિચારો હાલના સમયમાં શિક્ષણની નવી દુનિયા છે અને કાર્યની નવી દુનિયા છે અને નવી તકોની નવી દુનિયા છે.

# બદનક્ષીના કેસમાં રાહુલ ગાંધીને દરેક મુદતે હાજર રહેવામાંથી મુક્તિ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૨૭

અમદાવાદની મેટ્રો કોર્ટમાં ચાલતા બદનક્ષીના કેસમાં કોર્ટે રાહુલ ગાંધીને રાહત આપી છે. કોર્ટે રાહુલ ગાંધીને દર મુક્તે હાજર રહેવામાંથી મુક્તિ આપી છે. બદનક્ષીના આ કેસમાં રાહુલ ગાંધીએ દરેક મુક્તે હાજર રહેવામાંથી મુક્તિ મળે તે માટે અરજી કરી હતી જે કોર્ટે મજૂર રાખી હતી. જોકે જરૂર લાગે તો કોર્ટમાં હાજર રહેવુ પડશે તેમ પણ કોર્ટે કહ્યુ છે.ઉલ્લેખનિય છે કે, નોટબંધી દરમિયાન કોંગ્રેસ પ્રવક્તા સુરજેવાલાએ આક્ષેપ લગાવ્યો હતો કે એડીસી બેંકે પાંચ દિવસમાં ૭૪૫ કરોડ રૂપિયાની રોકડ બદલી હતી. જે બાદ રાહુલ ગાંધીએ પણ ટ્વિટ કર્યુ હતુ. રાહુલ ગાંધી અને સુરજેવાલાના નિવેદન બાદ અમદાવાદ જિલ્લા કો-ઓપરેટીવ બેન્કના ચેરમેન અજય પટેલે રાહુલ ગાંધી અને પ્રવક્તા સુરજેવાલા વિરુદ્ધ ફરિયાદ કરી હતી. બંને સામે એડીસી બેન્કની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના આરોપમાં અપરાધિક માનહાનિનો મામલો દાખલ કર્યો હતો.

# છોટાઉદેપુર જીલ્લા કોંગ્રેસ સંગઠન દિન પ્રતિદિન નબળું પડતું હોઈ આલા કમાંડ જાત સમિક્ષા કરે તેવી કાર્યકરોની માંગ

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૨૭

છોટાઉદેપુર જીલ્લા તાલુકા અને શહેર કમિટીમાં સુસુપ્તા જોવા મળી રહી છે માત્ર હું બાવો અને મંગળદાસ એટલે કોંગ્રેસ એવું સમજી બેઠેલાનેજ જો કોંગ્રેસ હાઈ કમાંડ પ્રાધાન્ય આપશે તો તાજેતરના પૂર્વ તાલુકા કોંગ્રેસ પ્રમુખ બીલ્સીગ ભાઈની જેમ અનેક હોદ્દેદારો ધીરે ધીરે કોંગ્રેસને અલવિદા કહીદે તો નવાઈ નહિ તેવી ચર્ચાઓ ચાલી રહીછે અને સમિક્ષા માટે આમ જનતાના પ્રત્યક્ષ ખાનગીમાં રીવ્યુ લેવામાં આવે ત્યારે ખબર પડશે લોકોમાં કોંગ્રેસ પ્રત્યે કોણ નારાજગી ઉભી કરેછે કોંગ્રેસની અગાઉની પ્રણાલી સુષ્ક થઇ ગઈ છે પહેલા જીલ્લા કોંગ્રેસ દ્વારા પ્રતિ માસ કારોબારી સમિતિનો રીપોર્ટ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિનો લેવામાં આવતો હતો અને તે પ્રદેશ સમિતિને મોકલવામાં આવતો હતો અને આ અહેવાલમાં ક્યા શું ઉણપ છે તેની સમિક્ષ કરવામાં આવતી હતી અને સંગઠન બાબતે ત્રુટીઓ દુર કરવા પ્રયાસ હાથ ધરવામાં આવતો હતો સાથે અગાઉના પ્રમુખ દરેક માજી,તાજી,પૂર્વ ,વર્તમાન જીલ્લા,તાલુકા,ગ્રામ પંચાયત અને નગરપાલિકા સદસ્યો ,વિવિધ સંગઠનનાં હોદ્દેદારોને ટેલીફોનીક જાણ કરતા અને તેની નોંધ રજીસ્ટરમાં કરતા હતા આવું કશું હાલ કશું જોવા મળતું નથી હાલ કોઈ પણ પ્રમુખ માજી કે તાજી સદસ્યો ,હોદ્દેદારો ,આગેવાનોને જાણ કરતા નથી હોઈ તેવું કશું નથી અને આમંત્રણ પત્રિકાથી કે વ્યક્તિગત જાણ કોઈ હોદ્દેદારોને કરવામાં આવતી નથી સંગઠન વિના પક્ષ નબળો પડી ગયોછે જેને લઇ સંગઠનમાં સૌ પૂર્વ અને વર્તમાન જિલ્લાપંચાયત,તાલુકા પંચાયત,ગ્રામ પંચાયત,નગરપાલિકા સદસ્યો,વિવિધ સંગઠનોના પદાધિકારીઓ ,પોલીસ પટેલો,આગેવાનો,પત્રકારો ને વ્યક્તિગત જાણ કરવામાં આવે અને જવાબદારી જેવા પદ કાયદાના જ્ઞાની હોય, લોક સંપર્ક રાખે , સરકારી અધિકારીઓ સાથે લોકોના ન્યાય માટે લડત લડે ,પક્ષનો વ્યાપ વધે તેવા પ્રયાસ્ કરે તેવાને હોદ્દા આપવા જોઈએ કોઈની ભલામણ કરતા પદ આપવા લોકો દ્વારા અભિપ્રાય મેળવી પસંદગી કરવી જોઈએ ત્યાર બાદ તેની કાર્ય શૈલી પણ તપસ્વી જોઈએ કાર્યક્ષમ છે કે નહિ તે જોઈ પદ આપવા જોઈએ તેવી કોંગ્રેસના કેટલાય કાર્યકરોની માંગછે

## દુમાડ ચોકડી પાસે

# ભરવાડો પર ફાયરીંગની ઘટનામાં ચાર આરોપીઓની ધરપકડ

વડોદરા, તા.૨૭

દુમાડ ચોકડી પાસે ભરવાડ શખ્સો પર ગોળીબાર કરવાની ઘટનામાં સંડોવાયેલા મનાતા ચાર શખ્સોની સમા પોલીસે ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા.૧૯મીની બપોરે દુમાડ ચોકડી પાસે મજુર દંપતિને ટ્રકમાં બળજબરીથી બેસાડવા મુદ્દે છકડો રીક્ષા ચાલકે વાંધો ઉઠાવ્યો હતો અને મજુર દંપતિને રીક્ષામાં બેસાડી અન્ય સ્થળે છોડી દીધા હતા. ટ્રકના ચાલકે તેના શેઠને જાણ કરતા વાત વણસી હતી થોડીવારમાં કાર અને બાઇક પર ધસી આવેલા અજાણ્યા શખ્સોએ બિભત્સ ગાળો ભાંડી હતી ત્યાર પછી ઉપરા છાપરી પાંચ રાઉન્ડ ગોળીબાર થતા રીક્ષા ચાલકને ઇજા થઇ હતી.

ખાનગી ગોળીબારની ઘટના અંગેની જાણ થતી વરીષ્ઠ પોલીસ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. સમા પોલીસ મથકે બંને પક્ષોએ સામ સામે ફરિયાદ નોંધાવી હતી. તેના આધારે સમા પોલીસે ઐયુબઅલી કિફાયતઅલી પઠાણ (રહે. નતાશાપાર્કસોસાયટી,ન્યુ છાણી રોડ) તેના બે પુત્રો અજમલઅલી પઠાણ અને અલ્તાફઅલી પઠાણ તથા ભાણેજ ગુફરાનખાન પઠાણની ધરપકડ કરી હતી.સમા પોલીસે છકડો રીક્ષા વાસની લાકડીઓ પાઇપ (નંગ-૯) તથા કારતુસ નંગ-૫ સહિતનો મુદ્દામાલ કબ્જે લીધો હતો.અન્ય ફરાર આરોપીઓની ધરપકડની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## સાવલી તાલુકાનાં રાણીપુરા ગામે

# ઘર આંગણે ઢોર બાંધવા મામલે ઠપકો આપનાર મહિલાને ફટકારી

વડોદરા, તા.૨૭

સાવલી તાલુકાના રાણીપુરા ગામે ઘર આંગણે અડચણરુપ રસ્તામાં બાંધેલા ઢોરને ખસેડી લેવા તથા ઘર આંગણે ઢોર નહિ બાંધવા મામલે મહિલાએ ઠપકો આપતા ઢોર માલિક કીરણ ગોહિલે મહિલાના માથા પર ફરસીની મુદર ના ફટકો મારી દેતા ખેતરેથી દોડી આવેલા પતિએ સાવલી પોલીસ મથકે એક મહિલા સહિત બં ગોહિલ બંધુઓ વિરુધ્ધ ગુનો નોંધાયો હતો.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ સાવલી તાલુકાના રાણીપુરા ગામે સુરેશભાઇ ડાભીસિંહ ગોહીલ તેમના પરિવાર સાથે રહે છે. તેમનું ગામમાં અન્ય બીજુ ઘર પણ આવેલ છે. આ ઘર બંધ હોવાથી તેમના ઘર આંગણે ગામમાં જ રહેતો કીરણ પ્રતાપ ગોહિલ ઢોર બાંધતો હતો અને ઢોરો દ્વારા ગંદકી કરવામાં આવી હતી. પત્ની મીનાબેન ગોહીલ ખોડીયાર માતાના મંદિરે દિવા કરવા ગયા હતા ત્યાંથી બંધ મકાનની સાફ સફાઇ કરવા ગઇ હતી. જયાં તેણીના ઘર આંગણે કીરણ ગોહીલે રસ્તામાં ઢોર બાંધેલા હોવાથી મીનાબેને કીરણ ગોહીલ ને બાંધેલા ઢોરો છોડવા માટે ઠપકો આપ્યો હતોજેથી કિરણ ગોહીલ ઉશ્કેરાયો હતો. અને મીનાબેનને ગમે તેમ ગાળો આપી ફસીની મુદનો ફટકો માથામાં મારી દીધો હતા. આ બનાવને પગલે ખેતર ગયેલ મીનાબેનના પતિ સુરેશ ગોહીલ ખેતરે દોડી આવ્યા હતા ત્યાર બાદ મારા મારીના બનાવ મામલે સાવલી પોલીસ મથકે કીરણ ગોહીલ, હરિશચંદ્ર ગોહીલ તથા આનંદબેન ગોહીલ વિરુધ્ધ સુરેશ ગોહીલે ફરીયાદ નોંધાવી હતી.

# સરકારી નોકરીની પરિક્ષાની ટ્રેનિંગ આપવાના બહાને રૂા.૯૨ લાખની છેતરપીંડી

વડોદરા, તા. ૨૭

આઇપીસીએલમાંથી નિવૃત્ત થઈ સરકારના વિવિધ વિભાગોમાં નોકરીની પરીક્ષાની ટ્રેનીંગ આપવાની ઓફીસ શરૂ કરી વિશ્વાસ સંપાદન કરી રૂપિયા ૯૨ લાખની ઠગાઈ કરનાર સસરા અને જમાઈ વિરુદ્ધ નિવૃત્ત પોલીસ ઇન્સ્પેક્ટરે પ્રધાનમંત્રી સુધી રજુઆત કર્યા બાદ પોલીસે આખરે ગુનો દાખલ કર્યો હતો.ગોત્રી રોડ મેટ્રો સોસાયટીમાં રહેતા સુધીર રાવલે ગોત્રી પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. તે બાદ તેમણે પોલીસ કમિશ્નર સુધી રજૂઆત કરી હોવા છતાં ફરીયાદનો કોઈ નિકાલ નહી આવતા આખરે તેમના મિત્ર નિવૃત્ત પોલીસ ઇન્સ્પેક્ટર મહેન્દ્ર પટેલે વડાપ્રધાન કાર્યાલાય સુધી ફરિયાદ કરી હતી. તે બાદ પોલીસ તંત્ર એક્શનમાં આવ્યું હતુ. ગઈકાલે ગોત્રી પોલીસ સ્ટેશનમાં રૂપિયા બાણુલાખ ની ઠગાઇની ફરિયાદ દાખલ કરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આઇપીસીએલમાંથી નિવૃત થયા બાદ સુભાનપુરા પૂજા પાર્કમાં રહેતા જયરાજ વાસુદેવ સગર મૂળ હૈદરાબાદના હતા. તેમણે ગોત્રી રોડ સ્થિત મેટ્રો સોસાયટીમાં રહેતા સુધીર રાવલ સાથે મિત્રતા કેળવી તેમના સગા સંબંધીને નોકરી અપાવવાની તેમજ મકાન, દુકાન, એટીએમ કે અન્ય રીતે ભાડે ચડાવી દેવાનો વિશ્વાસ સંપાદન કરી રૂપિયા ૭૫ લાખની ઠગાઈ કરી હતી.

## વીજ કંપનીમાં નોકરીના બહાને

# મ.સ.યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી અગ્રણી હર્ષિલ લીંબાચીયાએ રૂા.૪૫ લાખ પડાવી લીધા

વડોદરા, તા.૨૭

વડોદરાના યુવા ઠગ હર્ષિલ લિંબાચીયાનું નોકરી અપાવવાનું કહી રૂા.૪૫ લાખનું કૌભાંડ બહાર આવ્યું છે. પૈસા લીધા બાદ ગોળ ગોળ જવાબ મળતા છેતરાયેલા લોકો નોકરી મેળવવા પેટે આપેલા પૈસા અથવાતો જોબ લેટર લેવા માટે વડોદરા આવ્યા હતા. જ્યાં યુવાનોની ગાડી પર હર્ષિલ લિંબાચીયા અને તેના મળતીયાઓ દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો. નોકરી અપાવવાના બહાને છેતરાયેલા તમામ યુવાનો મોડી સાંજે માંજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી અને માંજલપુર પોલીસે હર્ષિલ લીંબાચીયાની ધરપકડ કરી હતી. પ્રાપ્તમ માહિતી અનુસાર કૌભાંડી હર્ષિલ લિંબાચીયા દ્વારા ગાંધીનગરના સર્કિટહાઉસમાં પાર્થ રબારી થકી, જબ્બર સિંહ ગંભીરસિંહ રાઠોડના સંપર્કમાં આવ્યો હતો. દરમિયાન હર્ષિલે ગાંધીનગરમાં સારી ઓળખાણ હોવાનું જણાવ્યું હતું. લોકડાઉન પહેલા લેવાયેલી વીજ કંપનીની પરીક્ષા આપ્યા બાદ નોકરી લગાડવા અંગે હર્ષિલને કહેતા હું તમારુ કામ કરી આપીશ તેમ જણાવ્યું હતું. પૈસા મળ્યા બાદ તમારો ઓર્ડર પાંચ દિવસમાં આવી જશે તેવી ખાતરી આપી હતી. તદઉપરાંત અનેક લોકોને વીજકંપનીમાં નોકરીની ખાતરી આપી કુલ રૂ. ૪૫ લાખ હર્ષિલ લીંબાચીયાએ પડાવી લીધા હતા. ગાંધીનગર થી આવેલા લોકો પર માંજલપુર ખાતે હર્ષિલ લીંબાચીયા અને તેના મળતિયાઓએ જીવલેણ હુમલો કર્યો હતો. પૈસા મળ્યા બાદ નોકરી અંગે ગોળ ગોળ જવાબ મળતા પૈસા આપનાર છેતરાયા હોવાનું અનુભવી રહ્યા હતા. જેથી હર્ષિલ ને જોબ લેટર માટે મળવા માટે કપુરાઇ ચોકડી ભેગા થવાનું કહ્યું હતું. દરમિયાન હર્ષિલ લીંબાચીયાએ બોલાચાલી કરી હતી ત્યાર બાદ પોતાના માણસો બોલાવીને ઝગડો કર્યો હતો. અને સમાધાન માટે તમામને હર્ષિલે દરબાર ચોકડી બોલાવ્યા હતા. ગાંધીગનરથી આવેલા લોકો નોકરીનો ઓર્ડર અથવા તો પૈસા પરત લેવા માટે માંગણી કરી રહ્યા હતા. તો હર્ષિલના મળતિયાઓએ તેમની પર લોખંડના પાઇપ અને પથ્થરો વડે હુમલો કર્યો હતો. આ અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા હર્ષિલના મળતીયાઓ સ્થળ પરથી ફરાર થઇ ગયા હતા. હર્ષિલ લિંબાચીયાથી છેતરાયેલા તમામ શખ્સોને પોલીસ ફરિયાદ કરવા માંજલપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. માંજલપુર પોલીસે પ્રથમ તેની ફરિયાદ લેવામાં આનાકાની કરી હતી. અને ગાંધીનગરમાં ફરિયાદ નોંધાવવાનું રટણ ચાલુ કર્યું હતું.

આખરે માંજલપુર પોલીસ સ્ટેશનમાં મોડી સાંજે ફરિયાદ નોંધાઈ હતી. હર્ષિલ લિંબાચીયા અગાઉ પણ બોગસ માર્કશીટ અને અમુલ પાર્લર શરૂ કરવા માટેના કૌભાંડમાં સંડોવાયેલો હતો. અનેક વખત અલગ અલગ પોલીસ સ્ટેશનના કર્મીઓ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. અમુલ પાર્લરના કૌભાંડમાં તો આણંદ પોલીસે હર્ષિલની વડોદરા એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. અનેક ગુનાઓમાં સંડોવાયેલો હોવા છત્તા ધૂતારો લોકોને અલગ અલગ બહાને પૈસા પડાવતો ફરે છે. ધુતારા હર્ષિલ દ્વારા લખો રૂપિયા પડાવી આપવામાં આવેલા બનાવટી જોબ લેટર ન હર્ષિલ લિંબાચીયા સોશિયલ મિડીયા પર રાજકીય અને પોલીસ કર્મીઓ સાથે ફોટા મુકી પોતે વગદાર વ્યક્તિ હોવાનો હાવ ઉભો કરે છે. હર્ષિલ લિંબાચીયા તેના સોશિયલ મિડીયા પર ભારતીય જનતા પાર્ટીના રાજકીય લોકોના ફોટા અવારનવાર મુકતો હોય છે. તેની સાથે માંજલપુર પોલીસ સ્ટેશન સહિત અન્ય જગ્યાના પોલીસ કર્મીઓ સાથે પણ તેના ફોટા તેના સોશિયલ મિડીયા એકાઉન્ટ પર જોઇ શકાય છે. વગદાર લોકો સાથેના ફોટા મુકીને પોતે પણ વગધરાવતી વ્યક્તિ છે અને કંઇ પણ કરવા સક્ષમ છે, તેવો હાવ ઉભો કરી લોકોને છેતરે છે પોલીસે હર્ષિલ લીંબાચીયાની ધરપકડ કરી હતી. અને આજે રિમાન્ડની માંગણી સાથે અદાલત સમક્ષ હર્ષિલ લીંબાચીયાને રજુ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું.

## કરજણના બનાવ અંગે નિવેદન

# ચંપ્પલ ફેકવાની ઘટના રાજકીય વ્યક્તિએ કરી કે કરાવી:નિતીન પટેલ

વડોદરા, તા.૨૭

ગુજરાત વિધાનસભાની કરજણ બેઠક પર ચૂંટણી પ્રચાર દરમિયાન ગત રાત્રે રાજ્યના ઉપ મુખ્યમંત્રી નીતિન પટેલ પર ચપ્પલ ફેંકવાની ઘટના બની હતી. જે મામલે સમગ્ર કૃત્યને વિરોધીઓએ અંજામ આપ્યો હોવાનું નીતિન પટેલે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગતરોજ કરજણ વિધાનસભાની ચૂંટણીના પ્રચાર અર્થે મારી જાહેરસભામાં હજારોની મેદની આવી પહોંચી હતી. જે જોઈને કોઈ વિરોધીઓને એ બાબત ગમી ન હશે અને તેણે આ કૃત્ય કર્યું હોય શકે છે. પ્રવચન તેમજ આભારવિધિ પછી હું મંચ પરથી નીચે ઉતર્યો ત્યારે આ ઘટના બની હતી. શરૂઆતમાં મને એવું લાગ્યું કે કોઈ કે કશું નાખ્યું છે પરંતુ પાછળથી ખબર પડી છે ચપ્પલ ફેંકવામાં આવ્યું હતું. આ બતાવે છે કે મારા વિરોધીઓ ચૂંટણી હારી જવાના બીકે તથા સભામાં વિશાળ મેદની જોઇને વિચલિત થયેલા લોકોએ આ કૃત્ય કર્યું હતું. પરંતુ ગુજરાતની જનતા આવા છમકલા કે કાંકળીચારાને ચલાવી લેશે નહીં. હાલ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર જે રીતે વિકાસ કરી રહી છે તેમજ પક્ષના કાર્યકર્તાઓ જે કામ કરી રહ્યા છે એનાથી વિરોધપક્ષો બેબાકળા બન્યા છે. કોરોનાની મહામારીમાં પણ પક્ષના કાર્યકર્તાઓ અને પ્રતિનિધિઓએ લોકોની વચ્ચે જઈને તેમની સેવા કરી હતી. પ્રજા આ વસ્તુ બધુ બરાબર રીતે સમજે છે. જેથી તમામ આઠ વિધાનસભા બેઠક પર અમારો વિજય થશે. પ્રશ્નના જવાબમાં આ કૃત્ય કોણે કર્યું છે તેનો સીધો જવાબ આપવાના બદલે નીતિન પટેલે જણાવ્યું કે કોણે કરાવ્યું તેનું અનુમાન હું ન લગાવી શકું પરંતુ વિરોધી હોય તે જ આવું કૃત્ય કરી શકે છે. આ રાજકીય વ્યક્તિએ કર્યું અથવા કરાવ્યું હોઈ શકે છે.

# કરજણ હાઈવેના ટોલ પ્લાઝાના મેનેજર પર પૂર્વ કર્મચારીનો હુમલો

વડોદરા, તા.૨૭

કરજણ હાઇવેના ભરથાણાં ટોલનાકા પર અગાઉના કોન્ટ્રાકટમાં ટોલ કલેકટર તરીકે કામ કરતા સંગ્રામસિંહ પરિહારના ઓળખાણ વાળાઓ ગાડીઓ કોન્ટ્રાકટ બદલાયા બાદ રોકવામા આવી તેઓ પાસેથી ટોલટેક્ષ વસુલમા આવતો હતો જેથી ભુરાટ બનેલો માથાભારે સંગ્રામસિંહ તેના ત્રણ મળતીયા સાથીદારો સાથે ભરથાણા ટોલ નાકા પર ધસી આવી ટોલ પ્લાઝાના મેનેજર તરીકે ફરજ બજાવતા દિદારસિંગ ભજજીસિંગ સંગડોહા સુપરવાઇઝર ટ્રાફીક માર્શલ સુપરવાઇઝરો ઉપર લોખંડની પાઇપ વડે હુમલો કરી ઢોર મારમાર્યો હતો. આ સમગ્ર મામલો કરજણ પોલીસ મથકે પહોંચ્યો હતો પોલીસે સંગ્રામસિંહ પરિહરા તથા તેની સાથે આવેલા અન્ય ત્રણ શખ્સો વિરુધ્ધ ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.બનાવની પ્રાપ્ત વિગત મુજબ ભરથાણા ટોલનાકા કાર્યભાર ભીમા ટોલીંગ એન્ડ ટ્રાફિક સોલ્યુશલ પ્રા.લિ. નામની કંપનીએ સંભાળ્યો જેથી આ કંપની પોતાની કંપનીમાં ફરજ બજાવતા દિદારસિંગ સંગડોહાને ભરથાણા ટોલ પ્લાઝના મેનેજર તરીકે મુકવામાં આવ્યા હતા.

તે અગાઉ આ ટોલ નાકા ઉપર ટોલ કલેકટર તરીકે ફરજ બજાવતા સંગ્રામસિંહ પરિહારને નોકરી પર ચાલુ રાખવામાં આવ્યો હતો.

વડોદરા મહાનગરપાલિકા
www. vmc. gov. in
પાણી અંગેની અગત્યની જાહેરાત
આથી જાહેર જનતાને જણાવવાનું કે, વડોદરા મહાનગરપાલિકાની પાણી પુરવઠા શાખા હસ્તકની હરણી એરપોર્ટ બુસ્ટીંગ સ્ટેશન ખાતે એચ. ટી. પેનલ બદલવાની કામગીરી તા. ૨૯.૧૦.૨૦૨૦ ગુરૂવારના રોજ સવારના પાણી વિતરણ બાદ હાથ ધરવાની હોવાથી હરણી એરપોર્ટ બુસ્ટીંગ સ્ટેશન પરથી તા. ૨૯.૧૦.૨૦૨૦ના રોજ સાંજના સમયે પાણી વિતરણ કામગીરી પૂર્ણ થયા બાદ વિલંબથી કરવામાં આવશે. જેની આ વિસ્તારના નાગરીકોએ જાણમાં લઇ સહકાર આપવા વિનંતી છે.
પી. આર. ઓ. નં. ૬૩૨/૨૦-૨૧ — કાર્યપાલક ઇજનેર(પા. પુ.ઇલે/મીકે.)

INEOS STYROLUTION
INEOS STYROLUTION INDIA LIMITED
CIN : L25200GJ1973PLC002436
Regd. Office: 5th Floor, OHM House - II, OHM Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat. Tel. : +91 (265) 2303201 Fax : +91 (265) 2303203
E mail : INSTY.secshare@ineos.com | Website : www.ineosstyrolutionindia.com
NOTICE
In compliance with provisions of Regulation 47, read with Regulation 29, of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015, notice is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **November 10, 2020**, to, inter alia, approve the unaudited financial results of the Company for the second quarter and half year ended on September 30, 2020.
The said notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com as well as on the websites of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, where the equity shares of the Company are listed.
By order of the Board
For INEOS Styrolution India Limited
Sd/-
Abhijaat Sinha
Head - Legal & Company Secretary
Date: 27th October, 2020
Place: Vadodara